અપીલ અરજી નં.૧૭૬ તા.૩–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ભરતકુમાર ગુલાબચંદ પરમાર
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભરતકુમાર ગુલાબચંદ પરમારની તા.૯–૭–૧૦ની અરજીથી(૧) રમેશચંદ્ર ગુલાબચંદ્ર પરમાર ટેના.નં.૦૨ડી –૦૩ –૦૩૯૧ –૧ –૦૦૩ ની વોટર ચાર્જ વસુલાત સંબધની માહિતી આપવા બાબત. (૨) ભરતકુમાર ગુલાબચંદ્ર પરમાર ટેના.નં.૦૨ડી–૦૩–૦૩૯૧–૧–૦૦૧ ના વેરાબીલ અને ૨૦૧૦–૧૧ ના રૂા.૯૬૦/– ભર્યા સબંધી અગાઉના વર્ષની ક્રેડીટ રૂા.૭/– તથા સીનીયર સીટી ઝનનો લાભ ન આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૭૬/૨૦૧૦–૧૧

શ્રી ભરતકુમાર ગુલાબચંદ પરમારની તા.૯–૭–૧૦ની અરજીથી (૧) રમેશચંદ્ર ગુલાબચંદ્ર પરમાર ટેના.નં.૦૨ડી–૦૩–૦૩૯૧–૧–૦૦૩ ની વોટર ચાર્જ વસુલાત સંબધની માહિતી આપવા બાબત. (૨) ભરતકુમાર ગુલાબચંદ પરમાર ટેના.નં.૦૨ડી–૦૩–૦૩૯૧–૧–૦૦૧ ના વેરાબીલ અને ૨૦૧૦–૧૧ ના રૂા.૯૬૦/– ભર્યા સબંધી અગાઉના વર્ષની ક્રેડીટ રૂા.૭/– તથા સીનીયર સીટી ઝનનો લાભ ન આપવા બાબતે આપેલ માહિતી સંતોષકારક મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૬૯૧ તા.૧૫–૯–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજી સાથે મુળ અરજીની નકલ,ફી ભર્યાની વિગત સહ મોકલેલ ન હોઈ તેમજ અપીલમાં જણાવેલ વિગતે તપાસણી કરેલ છે તથા જાહેર માહિતી અધિકારી પક્ષે માહિતી લખાયેલ છે તેમાં માંગેલ માહિતીનો સમાવેશ થાય છે કે કેમ? તે અંગે કઈ બાબતે અસંતોષ છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી પરંતુ અરજદારે રજૂ કરેલી વિગતો પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૮૮૨ તા.૨૪–૯–૧૦ ના રોજ અત્રે મોકલવામાં આવી છે જેમાં અરજદારે તેમના તા.૨૨–૯–૧૦ નો પત્ર, મુળ અરજીની નકલ, અરજી ફી ભર્યાની વિગત, જાહેર માહિતી અધિકારી તરફથી આપેલી માહિતી અંગેના પત્ર નં.એઆરડી/૪૨ તા.૨૬–૭–૧૦ અને તા.૩૧–૭–૧૦ ના માહિતી પત્રની નકલ તથા અરજદારની તા.૨૯–૭–૧૦ ની અરજી અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૯–૭–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ રમેશચંદ્ર ગુલાબચંદ્ર પરમાર ટેના.નં.૦૨ડી– ૦૩–૦૩ ૯૧–૧ –૦૦૩ સને ૧૯૮૯–૯૦ ના વર્ષથી સને ૨૦૦૩–૦૪ ના વર્ષ દરમ્યાન સદર ટેનામેન્ટ બાબતે વર્ષ પ્રમાણે કેટલું વોટર ચાર્જનું બીલ મોકલવામાં આવ્યું છે તેની વર્ષ વાઈઝ માહિતીની વિગત તથા તે પ્રમાણે બીલના નાણા કેટલા વસુલ કરવામાં આવ્યા છે તેની વિગતની માહિતી . મુદ્દા નં.૨ ઈન્વર્ડ નં.૭૬૮૯/૯૦ ના તુમારના આધારે સદરહુ ટેના. નો વોટર ચાર્જ ૧–૧–૮૭ થી નીકળી જતો હોવા છતાં પાછલી બાકી આવતા કમી આપેલ છે. સને ૧૯૮૯–૯૦ થી સને ૨૦૦૩–૦૪ સુધીના વર્ષ દરમ્યાન વોટર ચાર્જનું બીલ મોકલવામાં આવેલ કેમ છે કઈ તારીખથી વોટર ચાર્જ બંધ કરવામાં આવ્યો છે? મુદ્દા નં.૩ ભરતકુમાર ગુલાબચંદ પરમાર તા.૭–૩–૦૯ ની અરજી મારી મિલ્કત વેરાના પાંચ બીલો આપવા બાબત તેમાંથી ચાર બીલો ન મોકલવા બાબત સંબધી અરજીનો જવાબ આપવામાં આવ્યો કેમ નથી અને ચાર બીલો રદ કરવામાં આવ્યા છે કે કેમ? તે સબંધી માહિતી આપવા બાબત. મુદ્દા નં.૪ સને ૨૦૦૯–૧૦ ના ટેના નં.ટેના.નં.૦૨ડી–૦૩–૦૩૯૧–૧–૦૦૧ (ભરતકુમાર ગુલાબચંદ પરમાર) ઉપરોકત વેરાબીલમાં રૂા.૭/– ક્રેડીટ બેલેન્સ તથા તા.૧૮–૪–૦૯ ના રોજ સીનીયર સીટીઝન અરજી આપેલ હોવા છતાં તેમજ તેની રસીદ બતાવી છતાં સને ૨૦૧૦–૧૧ ના વેરાબીલ તા.૨–૭–૧૦ ના રોજ રૂા.૯૬૦/– ચેકથી પેમેન્ટ કરવા છતાં રૂા.૭/– ક્રેડીટ બેલેન્સના તથા સીનીયર સીટીઝનના ડીસ્કાઉન્ટ કેમ કાપવામાં આવ્યું કેમ નથી તે સંબધિત માહિતી આપવા બાબતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/એઆરડી/૪૨ તા.૨૬–૭–૧૦ થી વોર્ડ નં.૨ નોંધ નં.૩૮૬૧ , ૩૫૩૯–૨ પૈકીથી નોંધાયેલી મિલ્કતની માંગવામાં આવેલી માહિતી વિસ્તૃત પ્રકારની હોઈ સેન્ટ્રલઝોનની આકારણી અને વસુલાત અધિકારી સમક્ષ તા.૨૮–૭–૧૦ ના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન ઉપલબ્ધ માહિતીના ઈન્સ્પેકશન અર્થે હાજર રહેવા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. ત્યાર બાદ અરજદારને સે.ઝોન/એઆરડી/૪૨ તા.૩૧–૭–૧૦ ના પત્રથી " અરજદાર તરફથી માંગવામાં આવેલી માહિતીનું આકારણી અને વસુલાત અધિકારી સમક્ષ તા.૨૮–૭–૧૦ ના રોજ ઈન્સ્પેકશન આપવામાં આવેલ છે ઈન્સ્પેકશન દરમ્યાન મળેલી માહિતીથી અરજદારે સંતોષ વ્યકત કરેલ તદનુસાર સેન્ટ્રલઝોન કચેરીએથી વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી જેથી તમારી અરજીનો નિકાલ થયેલો ગણવામાં આવે છે. તેવું જણાવેલ. વધુમાં ટેના.નં.૦૨ડી–૦૩–૦૩૯૧–૧–૦૦૧ ઉપર દાખલ વોટર ચાર્જ ૧–૧–૮૭ થી કમી કરેલ હોવા છતાં સને ૧૯૮૯–૯૦ થી ૨૦૦૩–૦૪ સુધી મોકલવામાં આવેલ વોટર ચાર્જના બીલ અંગે આકારણી અને વસુલાત વિભાગમાં અલાયદી અરજી કરવા જણાવવામાં આવે છે તેવું પણ જણાવેલ છે. તેવી માહિતી અરજદારે ઈન્સ્પેકશન દરમ્યાન મેળવેલ છે જેના અનુસંધાને અરજદારે એઆરડી/૪૨ તા.૩૧–૭–૧૦ ના પત્રથી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે મુદ્દા નં.૧ થી ૪ ની લેખિત માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે તથા મારી તા.૨૯–૭–૧૦ ની અરજીનો નિકાલ થતો નથી તેવી રજૂઆત કરેલ છે. તથા અપીલ સાથે અપીલના મુદ્દા નં.૧ માં તા.૨૮–૭–૧૦ ના રોજ ૪.૦૦ કલાકે પત્ર મોકલી તે જ દિવસે હાજર કરવાનું પ્રયોજન શું? મને આ અંગે ટાઈમ આપવામાં આવ્યો કેમ નથી સીનીયર સીટીઝન વ્યકિતને ટાઈમ આપવામાં આવ્યો કેમ નથી ઈન્સ્પેકશન અર્થે રૂબરૂ તાત્કાલીક બોલાવી મૌખિક ચર્ચા કરવાનો શો અર્થ ? લેખિતમાં માહિતી આપવામાં કેમ

આવી નથી ? અપીલના મુદ્દા નં.૨ માં મુદ્દા નં.૧ ની માહિતી રેકર્ડમાંથી જોઈને આપવામાં આવી છે પરંતુ આ અંગેની માહિતી લેખિતમાં આપવામાં આવી કેમ નથી. અપીલના મુદ્દા નં.૩ ક્રમ નં.૨ માં જણાવ્યા મુજબ સુરત મહાનગરપાલિકા આકારણીના રેકર્ડમાં ઈન્વર્ડ નં.૭૬ સને ૮૯–૯૦ ના તુમારના આધારે સદરહુ ટેના નંબરનો વોટર ચાર્જ તા.૧–૧–૮૭ થી નીકળી જતી હોવા છતાં પાછલી બાકી આવતા કમી આપેલ છે સને ૧૯૮૭–૮૮ થી ૨૦૦૩–૦૪ સુધીના વર્ષ દરમ્યાન વોટર ચાર્જનું બીલ મોકલવામાં આવેલ કેમ છે? અને આ આવેલ બીલ મોકલી નાણા વસુલ કરવામાં આવ્યા કેમ છે તે સંબધી કોઈ લેખિત મને જવાબ આપવામાં આવ્યો નથી. અપીલના મુદ્દા નં.૪ ક્રમ નં.૩ માં જણાવ્યા મુજબ તા.૭–૩–૦૯ ની અરજી મિલ્કત વેરાના પાંચ બીલો આપવા બાબત તેમાંથી ચાર બીલો રદ કરી ન મોકલ્યા બાબત સબંધી અરજીનો જવાબ આપવામાં આવ્યો કેમ નથી અને ૪ બીલો રદ કરવામાં આવ્યા છે કે કેમ? તે સબંધિત લેખિતમાં જવાબ આપવામાં આવ્યો કેમ નથી. અપીલના મુદ્દાં ન.૫ સને ૨૦૦૮–૦૯ માં એડવાન્સ વેરાબીલ તા.૯–૫–૦૮ ના રોજ ભરેલ છતાં તા.૧૩–૧–૦૯ ના રોજ ચાર વેરાબીલ મોકલવામાં આવ્યા કેમ હતા? ટેના.નં.૦૨ડી–૦૩–૦૩૯૧–૦–૦૦૨ રૂા.૧૮૦/– અને.ટેના.નં.૦૨ડી–૦૩–૦૩૯૧–૦–૦૦૩ રૂા.૧૮૦/– વેરાબીલ મોકલેલ એ ભરવાના ન હતા છતાં શા માટે મોકલવામાં આવ્યા છે ?બીલ ભરપાઈ થઈ જતાં તો જવાબદારી કોની? અપીલના મુદ્દા નં.૬ સને ૨૦૦૯–૧૦ માં કુલ પાંચ વેરાબીલ મોકલેલ હતા તા.૭–૩–૦૯ ની અરજીનો જવાબ આપવામાં આવ્યો કેમ નથી? મારી અરજી ગુમ કરવામાં આવી છે? સીનીયર સીટીઝન વ્યકિતને એક જ ઘરની વ્યકિતને વેરાબીલ પાંચ કેમ મોકલવામાં આવે છે અને કોઈ પણ જાતની ચકાસણી કરવામાં આવતી કેમ નથી? બે વેરાબીલ રૂા.૧૭/– વત્તા રૂા.૧૭/– કુલ રૂા.૩૪/– બાકી રખાય છે તે ભરવાના થતા નથી છતાં ચકાસણી વગર મોકલ્યા કેમ છે? અપીલના મુદૃ નં.૭ ક્રમ નં.૪ માં જણાવ્યા મુજબ ૨૦૦૯–૧૦ ના વેરાબીલ ટેના નં. .ટેના.નં.૦૨ડી–૦૩–૦૩૯૧–૦–૦૦૨ ઉપરોકત વેરાબીલમાં અગાઉ ૭ રૂા. ક્રેડીટ બેલેન્સ તથા તા.૧૮–૪–૦૯ ના રોજ સીનીયર સીટીઝોનની અરજી આપેલ હોવા છતાં તેમજ તેની રસીદ બતાવી છતાં સને ૨૦૧૦–૧૧ ના વેરાબીલ તા.૨–૭–૧૦ ના રોજ કુલ રૂા.૯૬૦/– ચેકથી પેમેન્ટ કરવા છતાં રૂા.૭/– ક્રેડીટ બીલમાંથી સીનીયર સીટીઝનનું ડીસ્કાઉન્ટ કાપવામાં આવ્યું કેમ નથી વેરાબીલ ભરતી વખતે શા માટે આ અંગે ધ્યાન આપવામાં આવતું નથી. અપીલના મુદ્દા નં.૮ તા.૨૯–૭–૧૦ ના રોજ વોટરચાર્જ રીફંડ સબંધી અરજી આપી હોવા છતાં હજુ સુધી રીફંડ આપવામાં આવ્યું નથી તો વ્યાજ થઈ રકમ પરત કરવા વિનંતી. અપીલના મુદ્દા નં.૯ દર વર્ષે પાંચ વેરાબીલ આપવવાથી સને ૨૦૦૨–૦૩ થી ૨૦૦૬–૦૭ સુધી વેરો ભરેલ ન હતો છેવટે કુલ ૩૪૪૭/૧૮ જેટલો વેરો વ્યાજ સહિત તા.૧૮–૧–૦૭ ના રોજ ભરવામાં આવ્યો હતો જેમાં ૨૩૦૮/૪૬ પૈસા વેરાબીલના તથા ૧૧૩૮/૭૨ પૈસા નોટીસ ફી વોરંટ ફી તથા પેનલ્ટી વિગેરે ચાર્જના ભરવામાં આવ્યા હતા ખોટા બીલો મોકલી માનસિક ત્રાસ આપવાની અને બીલ એડવાન્સ ભરવા છતાં પાછળની બાકી કેવી રીતે કાઢવામાં આવે છે વિગેરે રજૂઆત અપીલમાં કરેલ છે.

આમ અરજદારે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તેમની અરજીના અનુસંધાને આપેલી દફતરી તપાસણી પશ્ચાત લેખિત સ્વરૂપે કે નકલ સ્વરૂપે માહિતી નહીં આપવાનો મુદ્દો રજૂ કરી નારાજગી રજૂ કરેલ છે. અરજદારના માહિતી અરજીના મુદ્દા નં.૧ વોટર ચાર્જ બાબતે જાહેર માહિતી અધિકારીએ તેમના તા.૩૧–૭–૧૦ ના પત્રથી તકરાર નિવારણની કાર્યવાહી બાબતે અલાયદી અરજી કરવા જણાવેલ છે. પરંતુ તે સિવાય અરજદારે માંગેલ માહિતી લેખિત સ્વરૂપે પૂરી પાડેલ નથી તે અરજદારની મુખ્ય તકરાર છે. આરટીઆઈ કાયદાની કલમ–૨(જે) હેઠળ દફતરી તપાસણી પશ્ચાત નોંધ અને ઉતારો તેમજ પ્રમાણિત નકલ મેળવવાનો અધિકાર છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૭–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે અરજદારને માહિતીના મુદ્દા દીઠ દફતરી હકીકતલક્ષી વિગતો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે. અરજદારની અપીલ તબકકેની તકરાર નિવારણે લગતી બાબતો અંગે સક્ષમ સત્તાને રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન).. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભરતકુમાર ગુલાબચંદ પરમાર